વર્ષ ૨૦૨૩-૨૪ માટે વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના પાંચ નિગમને સીધા ધિરાણ યોજના અંતર્ગત પ્રથમ અને બીજા હપ્તાની ગ્રાન્ટ ફાળવવા બાબત.(વર્ષ ૨૦૨૩-૨૪)

**ગુજરાત સરકાર,**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

**સુધારા ઠરાવ ક્રમાંક:-SJED/MSM/e-file/17/2023/2413/A-1(PF-1)**

સચિવાલય, ગાંધીનગર.

તા:૦૨/૧૧/૨૦૨૩

**વંચાણમાં લીધા:-**

૧. આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૫/૧૦/૨૦૨૩નો ઠરાવ.

૨. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણનો તા.૩૦/૧૦/૨૦૨૩નો પત્ર ક્ર:વિજાક/બો.નિ./૨૦૨૩-૨૪/૧૦૧૫.

**આમુખ:-**

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-૧ પરના તા.૨૫/૧૦/૨૦૨૩ના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના નિગમોને સીધા ધિરાણ યોજના અંતર્ગત લોન આપવા માટે વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં થયેલ રૂ.૧૧૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ પૈકી નિયામકશ્રી, વિ.જા.ક.ની કચેરીએ પ્રથમ હપ્તા પેટે ફાળવેલ રૂા.૨૭૫૦.૦૦ લાખની (૨૫% મુજબની) ગ્રાન્ટ સંબંધિત નિગમોના હવાલે મૂકવાની પશ્ચાતવર્તી અસરથી મંજૂરી **તેમજ** બીજા ત્રિમાસિક હપ્તા પેટેની રૂા.૨૭૫૦.૦૦ લાખની (૨૫% મુજબની) ગ્રાન્ટ સંબંધિત નિગમોના હવાલે મૂકવાની મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરીએ વંચાણે લીધેલ ક્રમાક-૨ પરના પત્રથી વિભાગના સરખા ક્રમાંકના તા.૨૫/૧૦/૨૦૨૩ ઠરાવના ફકરા નં.૧નાં કોષ્ટકમાં દર્શાવેલ ક્રમ (૧) (૨) અને (૪) પરના (૧) ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ (૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ (૪) ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ સામે લખેલ પ્રથમ/બીજા હપ્તાંની રકમમાં અને સંબંધિત નિગમોને હવાલે મૂકવાની થતી પ્રથમ/બીજા હપ્તાંની ૨૫% મુજબની રકમમાં વિસંગતતા જણાતી હોઇ, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના પાંચ નિગમોને સીધા ધિરાણ યોજના અંતર્ગત લોન આપવા માટે થયેલ બજેટ જોગવાઈ સામે સંબંધિત નિગમોને પ્રથમ અને બીજા હપ્તાની ૨૫% મુજબની રકમ નિગમોના હવાલે મૂકવાની મંજૂરીના સુધારા ઠરાવ થઇ આવવા વિનંતી કરેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:-**

૧. પુખ્ત વિચારણાના અંતે, વિભાગના સરખા ક્રમાંકના તા.૨૫/૧૦/૨૦૨૩ના **ઠરાવના ફકરા નં.૧ ના પત્રકનાં બદલે નીચે મુજબના પત્રકની વિગતે** "વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના નિગમોને સીધા ધિરાણ યોજના અંતર્ગત લોન આપવા માટે વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં થયેલ રૂ.૧૧૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ પૈકી નીચેના પત્રકમાં કોલમ-૪માં જણાવ્યા મુજબ નિયામકશ્રી, વિ.જા.ક.ની કચેરીએ પ્રથમ હપ્તા પેટે



eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 02-Nov-2023 (05:59 PM)

ફાળવેલ રૂા.૨૭૫૦.૦૦ લાખની (૨૫% મુજબની) ગ્રાન્ટ સંબંધિત નિગમોના હવાલે મૂકવાની પશ્ચાતવર્તી અસરથી **તેમજ** નીચેના પત્રકમાં કોલમ-૫માં જણાવ્યા મુજબ બીજા ત્રિમાસિક હપ્તા પેટેની રૂા.૨૭૫૦.૦૦ લાખની (૨૫% મુજબની) ગ્રાન્ટ, સંબંધિત નિગમોના હવાલે મૂકવાની આથી મંજૂરી આપવા આપવામાં આવેલ છે" તેમ ગણવાનું રહેશે.

(લાખમાં.રકમ રૂા)

| ક્રમ | નિગમનું નામ | જોગવાઇ | પ્રથમ હપ્તા (૨૫% લેખે) | બીજો હપ્તો (૨૫% લેખે) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | ૨૦૦૦.૦૦ | ૫૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| ૨ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | ૧૨૦૦.૦૦ | ૩૦૦.૦૦ | ૩૦૦.૦૦ |
| ૩ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૫૧૦૦.૦૦ | ૧૨૭૫.૦૦ | ૧૨૭૫.૦૦ |
| ૪ | ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ | ૧૫૦૦.૦૦ | ૩૭૫.૦૦ | ૩૭૫.૦૦ |
| ૫ | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ | ૧૨૦૦.૦૦ | ૩૦૦.૦૦ | ૩૦૦.૦૦ |
| | **કુલ** | **૧૧૦૦૦.૦૦** | **૨૭૫૦.૦૦** | **૨૭૫૦.૦૦** |

**3.** વિભાગના સરખા ક્રમાંકના તા.૨૫/૧૦/૨૦૨૩ની અન્ય શરતો/વિગતો યથાવત રહેશે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 02-Nov-2023 (05:59 PM)

**(કલ્પના રાણા)**

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી, સા.ન્યા.ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન. રા.ક.મંત્રીશ્રી, સા.ન્યા.ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા. ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. સચિવશ્રી (આ.બા.)ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
7. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
8. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
9. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

10. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
11. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
12. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
13. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
14. સેકશન અધિકારીશ્રી (ક), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
15. સેકશન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
16. સેકશન અધિકારીશ્રી (બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
17. સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ)
18. પસંદગી ફાઇલ-૨૦૨૩.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 02-Nov-2023 (05:59 PM)